# ECHO OF HIS CALL

## સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE (ECHO GROUP)

*India's National Spiritual Newspaper*

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXIV | YEAR OF OUR LORD JESUS CHRIST, SEPTEMBER 2022 | NO: 07


### પવિત્ર બાઈબલ

**કૃપા કરી આ ભાગ મોઢે કરો**

**પ્રભુની સ્તુતિ થાઓ!!**

**નીતિવચનો ૧૫ : ૨૩-૩૩**

૨૩. પોતાને માઢે આપેલા યોગ્ય ઉત્તરથી માણસને આનંદ થાય છે; અને વખતસર બોલેલો શબ્દ કેવો સારો છે!

૨૪. જ્ઞાનીને તેનો માર્ગ ઊંચો ચઢીને જીવનમાં પહોંચાડે છે, તે નીચેના શેઓલથી દૂર જાય છે.

૨૫. યહોવા અભિમાનીનું ઘર સમૂળગું ઉખેડી નાખશે; પણ વિધવાની હદ તે કાયમ રાખશે.

૨૬. દુષ્ટની યોજનાઓથી યહોવા કંટાળે છે; પણ પવિત્રોના બોલ તેને સુખદાયક છે.

૨૭. દ્રવ્યલોભી પોતાના જ કુટુંબને હેરાન કરે છે; પણ લાંચને ધિક્કારનાર આબાદ થશે.

૨૮. સદાચારી વિચાર કરીને ઉત્તર આપે છે; પણ દુષ્ટ પોતાને માઢે ભૂંડી વાતો વહેતી મૂકે છે.

૨૯. યહોવા દુષ્ટથી દૂર છે; પણ તે સદાચારીની પ્રાર્થના સાંભળે છે.

૩૦. આંખોના અજવાળાથી અંતઃકરણને આનંદ થાય છે; અને સારા સમાચાર હાડકાંને પુષ્ટ કરે છે.

૩૧. જે ઠપકાનું પરિણામ જીવન છે તે પર જે કાન ધરે છે તે જ્ઞાનીઓમાં ગણાશે.

૩૨. શિખામણનો ત્યાગ કરનાર પોતે પોતાના જ આત્માને તુચ્છ ગણે છે; પણ ઠપકાને ગણકારનાર બુધ્ધિ પ્રાપ્ત કરે છે.

૩૩. યહોવાનું ભય જ્ઞાનનું શિક્ષણ છે; પહેલી દીનતા છે ને પછી માન છે.

## GOD CAN RAISE YOU AND LIFT YOU!

## ઈશ્વર તમને ઉઠાવી શકે છે અને તમને ઊચા કરી છે!

*પાળક એસ. સામ સેલ્વરાજ*

**"તે ધૂળમાંથી રાંકને ઉઠાવી લે છે; અને ઉકરડા ઉપરથી દરિદ્રીને ચઢતીમાં લાવે છે."** (ગીતશાસ્ત્ર ૧૧૩:૭)

### યહોશુઆ કોણ હતો?

મૂસાના મરણ પછી તેનો સહાયકારી યહોશુઆ તેની જગ્યાએ ઈસ્રાએલપુત્રોનો આગેવાન બન્યા હતો. "હવે યહોવાના સેવક મૂસાના મરણ પછી એમ થયું કે, નૂનના દીકરા યહોશુઆને, એટલે મૂસાના સહાયકારીને, યહોવાએ કહ્યું કે..." (યહોશુઆ ૧:૧). "એ બિનાઓ બન્યા પછી, નૂનનો પુત્ર, યહોવાનો સેવક યહોશુઆ, એકસો દશ વર્ષનો થઈને મરણ પામ્યો." (યહોશુઆ ૨૪:૨૯). પ્રથમ કલમ કહે છે કે યહોશુઆ મૂસાનો સહાયકારી હતો અને છેલ્લી કલમ કહે છે કે તે યહોવા પ્રભુનો સેવક હતો.


"તે ધૂળમાંથી રોકને ઉઠાવી લે છે, અને ઉકરડા ઉપરથી દરિદ્રીને ચઢતીમાં લાવે છે." (ગીતશાસ્ત્ર ૧૧૩:૭). યહોવા પ્રભુ કચડાયેલા, ગરીબ, જરૂરીયાતમંદ અને માંદાઓ માટે ચિંતિત હોય છે. ઈશ્વરે એક માણસને બીજા માણસનો સેવક બનવાની મંજૂરી આપી હતી અને પાછળથી તેને પોતાનો સેવક બનાવ્યો હતો. યહોશુઆનું ખરૂં નામ હોશિયા હતું અને મૂસાએ તેનું નામ યહોશુઆ ર્ક્યુ હતું. યહોશુઆનો અર્થ છે, "યહોવા તારણ છે." યહોશુઆનો ધ્યેય હતો કે યહોવા પ્રભુએ જે દેશનું વચન તેમને આપ્યુ હતું, તેનો કબજો લેવાનો. ઈશ્વરે એક એંસી વર્ષના માણસને ઊંચે ઉઠાવ્યો અને તેને અધિકાર અને સ્વર્ગની ચાવીઓ આપી હતી. યહોશુઆ કોઈ ધનવાન કુટુંબમાં જન્મ્યો ન હતો. તે મિસરમાં એક ગુલામને ત્યાં જન્મ્યો હતો.

બળતા ઝાડવા મધ્યેથી ઈશ્વરે મૂસાને નામથી બોલાવ્યો હતો. જ્યારે શાઉલ તેના દમસ્ક જવાના માર્ગે હતો, ત્યારે તેણે એક અવાજ સાંભળ્યો, "શાઉલ, શાઉલ..." પણ યહોશુઆને નહિ તો નામથી બોલાવવામાં આવ્યો હતો કે નહિ તેને કોઈ દર્શન થયું હતુ કે ચિન્હ આપ્યું હતું. તેને વૃધ્ધ માણસ મૂસાનો સહાયકારી બનાવવામાં આવ્યો હતો, જેણે તેને યહોવા પ્રભુ ઈશ્વર વિશે શીખવું હતું. યહોશુઆએ વૃધ્ધ માણસની વાતો સાંભળીને ઈશ્વરનું સામર્થ્ય પ્રાપ્ત ર્ક્યું હતું.

આપણે જાણીએ છીએ કે દરેક વ્યક્તિ માટે અલગ અલગ પ્રકારના તેડા હોય છે. કોઈ એકબીજાથી ચઢિયાતો કે ઉતરતો નથી હોતો. મૂસા એક માણસ હતો, જે યુધ્ધની કાર્યશૈલી શીખ્યો હતો અને તે

(અનુસંધાન પાન ૩ પર)

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)



(ECHO GROUP)

## *from your dearly beloved brother...*



### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


CHIEF EDITOR
Angeline Selvakumari Henry, M.A., M.Ed.
MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.
ADMINISTRATION
Bro. N. Prakasam, M.A., General Manager
EDITORIAL BOARD
Sis. Jesy Veena Sam
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Rev. Dr. K.R. Rajasekaran
Dr. A. Richard Samuel, M.A., Ph.D.
EDITOR, PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858
CORE LEADERS
Bro. K. Puratchivendan
Bro. A. Edward Durai
Bro. A. Alvin
Bro. K. Abraham
Sis. Dhanalakshmi Chinnaiah
E.mail ID
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
WEBSITES
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com
YOUTUBE CHANNEL
Echo of His Call


"ન્યાયી માણસ તાડની પેઠે ખીલશે; તે લબાનોનના દેવદારની પેઠે વધશે."
(ગીતશાસ્ત્ર ૯૨-૧૨)

પ્રભુમાં પ્રિય વહાલાઓ

**"દેવ આપણા બાપ તથા પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફથી તમને કૃપા તથ શાંતિ થાઓ."** (ફિલેમોનને પત્ર ૧:૩).

પ્રભુમાં તમારી સારી તંદુરસ્તી તથા સુખ વિશે વિશ્વાસ મૂકતાં, અમે દરરોજ પ્રાર્થના કરીએ છીએ કે યહોવા પ્રભુ તમને આશીર્વાદિત કરશે અને તમને સંભાળી રાખશે. આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્ત, જેઓ આપણી પ્રાર્થનાઓ સાંભળે છે અને બદલો આપે છે, તેઓ ચોક્કસ તમને આશીર્વાદ આપશે. તેઆ તમને તેમના પીંછાથી ઢાંકશે. (ગીતશાસ્ત્ર ૯૧:૪)


જ્યાં સુધી તમારા કપરા સમયો પસાર થઈ નહિ જાય ત્યાં સુધી તેઓ તેમની પાંખો તળે તમને સુરક્ષિત રાખશે. તેથી, હિમ્મતવાન થાઓ, અને બીહો મા; આગળ વધો કેમ કે જ્યારે તમે તેમના શરણે જાવ છો, ત્યારે આ વિપત્તિઓ થઈ રહે ત્યાં સુધી તેઓ તમને પોતાની પાંખોને આશ્રયે રાખશે. (ગીતશાસ્ત્ર ૫૭:૧). ઈશ્વરનો પરાક્રમી હાથ તમારી સાથે છે.

ઘણા અવરોધો છતાં, અમે **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ**ના દરેક વિભાગોનું વ્યવસ્થિત રીતે આયોજન કરી રહ્યા છીએ. ઈશ્વર દરરોજ નવા આત્માઓ ઊમેરી રહ્યા છે. બીજી તરફ, અમે ભારે બોજથી દબાયેલા છે, જેમ કે શત્રુનો સંઘર્ષ, નાણાકિય જરૂરીયાતો અને બીજી સમસ્યાઓ, જે અમારી પહોંચની બહાર છે અને તે લખીને વ્યક્ત કરી શકતા નથી. ઈશ્વરની સ્તુતિ થાઓ કે ઈશ્વરની કૃપાથી અમે તે પર વિજય મેળવી શક્યા છીએ. અમે પણ તમારી જેમ જુસ્સા સાથેના માણસો છીએ. કૃપા કરીને તમારી ઉત્સાહી પ્રાર્થનાઓમાં અમને ધરી રાખશો. અમે તમારી પ્રાર્થનાઓ અને સહાયતા માટે આભારી છીએ.



**રેવ. ડો. કે. આર. રાજાશેખરન**

ઈશ્વરે યોગ્ય સમયે ચમત્કારીક રીતે રેવ. ડો. કે. આર. રાજાશેખરન અને ડો. એ. રીચાર્ડ સેમ્યુએલને અમારી સાથે જોડાવ્યા છે. ઈશ્વર ઘણા ભલા છે. સ્તુતિ, માન મહિમા ઈશ્વરને હો! અભિનંદન! અમારા વહાલા ભાઈઓ, ઈશ્વર તમને આશીર્વાદિત કરો!!



**ડો. એ. રીચાર્ડ સેમ્યુએલ**

અમારા **ઈકો ઓફ હીજ કોલ**ના મુખ્ય ચર્ચમાં ૫૪મું વાર્ષિક સમ્મેલન અને નવા કાર્યકરોને ઉમેરવાની સેવા તારીખ ૬ અને ૭મી ઓગસ્ટ ભરાયા હતા. ઈશ્વરે પરાક્રમી રીતે પાળક એસ. અબ્રાહમનો ઉપયોગ ર્ક્યો હતો, જેઓ ચેન્નાઈના વડીલ પાળકોમાંના એક છે, અને અમારા ગાઢ મિત્ર છે. મારી દીકરી એન્જેલીનાએ તેમના સંદેશાને તામિલમાંથી અંગ્રેજીમાં ભાષાંતરિત ર્ક્યો હતો. બહેન રાયમા ગેથસી એલેક્સ સેમસેન, ભાઈ જે. સેમ્યુએલ અને બહેન એસ કાન્થાને પૂર્ણ કાર્યકરો તરીકે **ઈકો ઓફ હીજ કોલ**માં સ્વીકારવામાં આવ્યા હતા. અમારા પ્રેમાળ અને આદરણીય ભાઈઓ કે. પુરાતચીવેન્થમ, એ એડવર્ડ દુરાઈ, એ. એલ્વીન, કે. અબ્રાહમ અને બહેન ધનલક્ષ્મી ચિન્નાઈઆને ત્રણ વરસ માટે બોર્ડ સભ્યો તરીકે ઉમેરવામાં આવ્યા હતા. અમે ચોક્કસ માનીએ છીએ કે ઈશ્વર અમારી મિનિસ્ટ્રીને ભવિષ્યમાં આગલા સ્તરે લઈ જશે. તેમના આવતા સુધી પ્રભુ

Our Ministries: ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) BIBLECOR - Postal Courses (3 languages) Online Courses Theological Correspondence Courses (2 languages) Church Planting Nehemiah Bible Colleges Gospel Printing Press Great Commission Partners St. Paul's Matriculation School Crusades Community Development

**ઈકો ઓફ હીઝ કોલ મિનિસ્ટ્રીજને** દોરો અને સંભાળી રાખો. અને પ્રભુ તમ દરેકને ભરપૂરીપણાથી આશીર્વાદિત કરો, જેઓ અમને મજબૂતીથી સહાય કરી રહ્યા છે. અમે આ ૫૩ વર્ષોની અમારી મિનિસ્ટ્રીમાં જેઓએ અમારી સાથે સફર કરી છે, તેમને સલામ કહેવામાં અને આશીર્વાદિત કરવામાં આનંદ અનુભવીએ છીએ. અમારા એક સારા મિત્ર ભાઈ કેને તેમના ઈમેલમાં જાહેર કર્યુ હતું, ''વહાલા સામ, ૫૪ વર્ષો - તે અદ્‌ભૂત છે!'' તે અમારા હૃદયને સ્પર્શી ગયું!! પ્રભુ ઈસુ ખ્રિસ્તની સ્તુતિ થાઓ!!! અમે અમારા ભાગીદારો જેઓ મિનિસ્ટ્રીની શરૂઆતથી અમારી સાથે હતા અને જેઓ નવા હમણા જોડાયેલા છે, તેઓ સર્વનું સન્માન કરીએ છીએ. **''જે દેવે તમને તેના દીકરા આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની સંગતમાં તેડેલા છે, તે વિશ્વાસુ છે.''** (૧ કરિંથીઓને પત્ર ૧:૯)

અમે આભાર સાથે આ ખાસ પ્રસંગોમાં અમારા દરેક બોર્ડ સભ્યોને તથા સેવકોને, સામયિક વાચકોને, સહસંપાદકોને, પ્રાર્થના ભાગીદારોને, વિશ્વાસના ભાગીદારોને, લવાજમ ભાગીદારોને, મહાન આદેશના ભાગીદારોને, મિશનરીઓને, શાખા પાળકોને, રાજ્ય કો-ઓર્ડીનેટરોને, દરીયાપારના મિત્રાને, **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળાના, નહેમ્યા બાઈબલ કોલજના** સ્ટાફ સભ્યોને અને કાર્યાલયના કર્મચારીઓને સલામ કહીએ છીએ. અમારો આનંદ પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં ઉભરાઈ જાય છે, જ્યારે અમે વિચારીએ છીએ કે એમણે વર્ષ ૧૯૬૯ થી આજ સુધી અમને કેવી રીતે દોર્યા છે!

ઈશ્વર તમે સર્વને આશીર્વાદ આપો. અમીન

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**

**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**

(+91) 98412 71858 / 98410 71858,

E.mail : samselvaraj333@gmail.com

(પાન ૧ પરથી આગળ...)

ખડતલ અને મજબૂત હતો. તેનું ધ્યાન એક બળતા ઝાડવાની તરફ ગયું, તેમાંથી અવાજ આવતો હતો, જે અરાણ્યની મધ્યમાં ઝાડવું બળતું હતું, પણ તે ભસ્મ થતું ન હતું. ત્યાં આસપાસ કોઈ ન હતું, તો પણ એક અવાજે તેને હાક મારી, ''મૂસા, મૂસા!'' કોઈપણ માણસે આવી પરસ્થિતિનો સામનો કર્યો હોત તો તે નક્કી ગભરાઈ જાત. જો ઈશ્વરે મૂસાને કહ્યું હોત કે, ''કૃપા કરીને મારા બાળકોને મિસરમાંની ગુલામીમાંથી બહાર કાઢી લાવ,'' તો ચોક્કસ તેણે તે વાત સ્વીકારી ન હોત. તેને પોતે પ્રથમ ઈશ્વરના અદ્‌ભૂત સામર્થ્યને જોવાની જરૂર હતી.


પણ યહોશુઆ જુદા સ્વભાવનો માણસ હતો. ઈશ્વરના વચનને સાંભળવા માટે તેનું હૃદય ખુલ્લુ હતું. તેથી, ઈશ્વરે મૂસાને તેની જગ્યાએ તેને નીમવા કહ્યુ હતું.

જ્યારે તમે તેમના વચનની આજ્ઞા પાળશો, ત્યારે તમે તેમના આશીર્વાદોનો આનંદ માણશો. ઈશ્વર યોગ્ય સમયે બાબતો કરે છે. આપણે અપેક્ષા રાખીએ છીએ કે દરેક બાબત ઝડપથી થાય. આપણી ઝડપ અને ઈશ્વરનો સમય એક સાથે મેળ ખાતા નથી. તેને કારણે, ઘણા લોકોનાં જીવનોમાં વિલંબ થાય છે, જેમ કે તેમના ભણતરમાં વિલંબ, માંદગીમાંથી છૂટકારામાં વિલંબ, તેમના વ્યક્તિગત જીવનોમાં આશીર્વાદો મેળવવામાં વિલંબ, વગેરે જ્યારે આવી બાબતો થાય છે, તેનો અર્થ એ નથી કે ઈશ્વર આપણને ભૂલી ગયા છે. તેને બદલે, ઈશ્વર કંઈક મોટું કરવા જઈ રહ્યા છે. આપણે તેમના મહાન હાથોમાં પોતાની જાતને નમ્ર કરવાની જરૂર છે. ત્યારે ઈશ્વર તમને આશીર્વાદ આપશે અને તમે જે કંઈ ગુમાવ્યું હશે, તે તમે પાછું મેળવશો. તમારી તંદુરસ્તી પણ! ઈશ્વર તમને દિર્ઘાયુષ્ય પણ આપશે.

જ્યારે ઈશ્વર કોઈ માણસને ગુલામીમાંથી, ગરીબીમાંથી અને અપૂર્ણતામાંથી બહાર કાઢે છે કે ઊભા કરે છે, ત્યારે તેઓ તેમને રાજા આગળ ઊભા કરવા સક્ષમ બનાવે છે. યહોશુઆ ઘણા વર્ષો માટે એક વિજેતામાં તથા ન્યાયાધીશ તરીકે પરિવર્તિત થયો હતો.

## ૧. હકારાત્મક વિશ્વાસનું વચન

જો ઈશ્વરે કોઈ અલૌકિક કાર્ય કરવું હોય તો, આપણે તેમના વચનમાં અને તેમના વચનની ખાતરીમાં વિશ્વાસ કરવો જોઈએ. જ્યારે આપણે ગણનાના ૧૩ અને ૧૪મા અધ્યાયને વાંચીએ છીએ, ત્યારે આપણે જોઈએ છીએ કે મૂસાએ ઈસ્રાએલપુત્રોના



કુળોનાં દરેક પુરૂષોને કનાન દેશની જાસૂસી કરવા મોકલ્યા હતા, તે જોવા કે તે દેશ રહેવા લાયક છે કે નહિ. જ્યારે તેઓ પાછા આવ્યા, તેઓએ અહેવાલ આપ્યો કે ત્યાં રહેતાં લોકો બળવાન અને કદાવર છે અને ત્યાં જવું અશક્ય જ હતું. યહોશુઆને પણ કનાન દેશની જાસૂસી કરવા મોકલવામાં આવ્યો હતો. આ માણસે પણ ઈસ્રાએલીઓ કરતા ઊંચા અને કદાવર માણસોને જોયા. તેણે અહેવાલ આપ્યો કે, ''...જે દેશની જાસૂસી કરવાને અમે જઈ આવ્યા, તે અત્યુત્તમ દેશ છે... તે તો દૂધ-મધની રેલછેલવાળો દેશ છે.'' (ગણના ૧૪:૭,૮). તેણે હકારાત્મક અહેવાલ આપ્યો હતો.

જ્યારે અમારું અસલનું ચર્ચ મકાન જૂનું થયું હતું, અને જર્જરિત સ્થિતિમાં હતું, ત્યારે તેની મરામત કરવા અમારી પાસે નાણા ન હતા અને ભજનસેવા ભરાવવાનું પણ મૂશ્કેલ હતું. અમે વિશ્વાસ રાખ્યો હતો કે ઈશ્વર અમારા માટે સઘળું કરશે - ત્યારે હકારાત્મક વિશ્વાસના વચનો અમારી પાસે આવ્યા હતા. ''છ મહિનાના સમયમાં ચર્ચ બંધાશે, છાપખાનું કાર્યરત થશે. મકાન સુંદર રીતે બાંધવામાં આવશે. શું અમારી પાસે કોઈ નાણા હતા? શું કોઈએ અમને દાન આપવાનું વચન આપ્યું હતું? શું કોઈએ પૈસા આપ્યા હતા? કોઈએ નહિ. પણ અમે વિશ્વાસથી તેમના વચનની ખાતરી પ્રમાણે કામની શરૂઆત કરી અને કામ થતું ગયું, અને અમારી જરૂરીયાતો

પૂરી થતી ગઈ. જેમ યોજના બનાવી હતી, તેમ જેમ આજે આપણે જોઈએ છીએ તે પ્રમાણે મકાન તેના સમયે પૂર્ણ થઈને ઉભું થઈ ગયુ! યહોવા પ્રભુ પૂરૂ પાડશે. તમારા દેવાની ભરપાઈ થઈ જશે, તમારા આંસુઓ લૂછી નાખવામાં આવશે, મૂશ્કેલ સમય વીતી જશે, યહોવા પ્રભુ તે જોશે.

## ૨. યહોશુઆ, સહાયકારી

યહોશુઆ મૂસાનો વિશ્વાસુ સહાયકારી હતો. જો તમે ઈચ્છો છો કે પ્રભુ તમને અશીર્વાદ આપે, તો તમારા મનમાં ત્યાં સેવાનો આત્મા હોવો જોઈએ. ફક્ત આવા જ લોકોને ઉચ્ચ પદવીઓએ ઊંચા ઊઠાવવામાં આવે છે. જ્યારે તમે મોટા રાષ્ટ્રિય આગેવાનોનાં જીવન તરફ જોશો તો, તમને લાગશે કે તેમણે તે પદવી આસાનથી મેળવી હશે. પણ જો તમે તેમના જીવનને નજીકથી જોશો, તો તમને ખબર પડશે કે



તેમના મોટા ભાગનાઓએ તે પદ હાસલ કરવા ઘણુ બલિદાન આપ્યું હતું. તેમના બલિદાનનો આદર કરતા, ઈશ્વરે તેમને ઊંચા ઊઠાવ્યા હતા. ઈશ્વર જે કંઈ કહેશે, તે તેઓ પરિપૂર્ણ કરશે. ''...ઈસ્રાએલના દેવ યહોવાને ધન્ય હો કે, જેણે પોતાના મૂખે મારા બાપ દાઉદને જે કહ્યું હતું તે તેણે પોતાના હાથે પૂરું કર્યુ છે.'' (૨ કાળવૃત્તાંત ૬:૪)

''...જે કોઈ તમારામાં મુખ્ય થવા ચાહે, તે તમારો દાસ થાય.'' (માથ્થી ૨૦:૨૭). જો કોઈને આગળ રહેવું છે, તો તેમને તમારી સેવા કરવા દો; સેવક તરીકે, અને ઈશ્વર તેને આશીર્વાદ આપશે અને તેમને મોટા આગેવાન બનાવશે.

૧૯૬૯માં હું ભાઈ એસ. દેવાદાસોનના હાથ નીચે કામ કરતો હતો, જેઓ તામિલ સામયિક, ''વેરૂગાઈન થૂથાન'' ના સંપાદક હતા. જ્યારે હું કામ કરવા જોડાયો હતો, ત્યારે મને કાર્યાલયની અને તેની અંદરના ટેબલોની સફાઈ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. કોઈપણ પ્રકારના કચવાટ વગર, મેં આનંદથી તે કામ સ્વીકાર્યુ હતું. મેં કાર્યાલયની ભોંય પણ સાફ કરી હતી. દિવસો પસાર થતા ગયા – મહિનાઓ પસાર થયા – વર્ષો પસાર થઈ ગયા – મેં મારું કામ ચાલુ રાખ્યું હતું. એક દિવસ સંપાદકે તેની સર્વ જવાબદારીઓ અને તેમના કાર્યાલયની ચાવી મારા હાથમાં સોંપી અને કહ્યું, ''ઈશ્વરનો આત્મા તમારી સાથે છે. એક તમે છો જે સર્વ બાબતોમાં સ્વચ્છ, સાફ છો.'' ઈશ્વરે સંપાદકના મનની સાથે વાત કરી અને મને ઊંચો ઊઠાવ્યો હતો. તેમનો અભિષેક અને પ્રેમ મારા પર આવ્યા અને હું ઈશ્વરનો સેવક બન્યો. આપણે સેવાના આત્માથી ભરપૂર થવું જોઈએ.

આ દિવસોમાં, ઘણા બધા મોટા ઉપદેશકો અને આગેવાન બનવા આગળ આવે છે. પણ તેઓ ઈશ્વરના સારા સેવકના હાથ નીચે તાલિમ લેવા માગતા નથી, જેઓ પરિપક્વ આત્મિક જીવન જીવ્યા હતા. આત્મિક જીવનમાં સાચા તબક્કાઓને જાણ્યા વગર, ઘણા પોતાને રેવરંડ, ડોક્ટર, બિશપ, પાળક, ઈશ્વરના કૃપાદાનના માણસ, આંતરરાષ્ટ્રિય વક્તા કહેવડાવા માગે છે. આવા માણસો ઝડપથી કોઈક લાલચની મૂશ્કેલીઓમાં સપડાઈ જશે અથવા દુ:ખી થશે અને તેમની આત્મિકતા ગુમાવી દેશે. તે જરૂરી છે કે દરેક જણ પવિત્ર અને આત્મિક ઈશ્વરના સેવકના હાથ નીચે કામ કરવું જોઈએ, તેમના ઉમદા સ્વભાવ, ટેવો અને ધાર્મિક સ્વભાવ વિશે શીખવું જોઈએ અને તે સારી બાબતોને અનુસરવું જોઈએ.

યહોવા પ્રભુની સેવાના મારા જીવનમાં હું નીચે મુજબના ત્રણ સારા ગુણો સ્વ.

(પાન ૬ પર...)

नहेम्याह बाइबल कॉलेज
रेसिडेन्शल कॉलेज, चेन्नई।
माध्यम: हिन्दी
सदस्यता के लिए पंजीकृत उम्मीदवार - ATA
सुविख्यात अंतर्राष्ट्रीय मसीही अगुवे तथा पिछले 53 वर्षों से सेवारत वरिष्ठ पासवान
सर्टिफिकेट इन थियोलॉजी – 1 साल
डिप्लोमा ऑफ थियोलॉजी – 2 साल
योग्यता 10 वी या अधिक
जल्दी करें!
Contact : The Chairman, Nehemiah Bible College.
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org
★ ऑनलाइन कक्षाएं उपलब्ध हैं ★

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વંહેચવું (ગલાતીઓને પત્ર 6:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૨ થી ૧૮ ઓક્ટોબર ૨૦૨૨ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ સપ્ટેમ્બર** : ૧૯૬૯થી સામયિક મિનિસ્ટ્રીની અમારી સર્મપિતતા પર તેમના આશીર્વાદો માટે.

**૨૦ સપ્ટેમ્બર** : આપણી નિવાસી અને સાંધ્ય નહેમ્યા બાઈબલ કોલેજ માટે નવા વિદ્યાર્થીઓ પૂરા પાડવા માટે.

**૨૧ સપ્ટેમ્બર** : ઈશ્વર અમારું ૧૬ ભાષાઓમાં છપાતું સામયિક અને તેને સર્વ મિશન વિસ્તારોમાં મોકલવા માટે અમને સક્ષમ કરવા માટે.

**૨૨ સપ્ટેમ્બર** : અમારા કાર્યકરોના પરિવારો પર તેમના આશીર્વાદો માટે.

**૨૩ સપ્ટેમ્બર** : અમારા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવન ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારોને અને તેમના કુટુંબના સભ્યોને માટે.

**૨૪ સપ્ટેમ્બર** : આપણા બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અને ઈશ્વરવિદ્યાના અભ્યાસક્રમોમાં પ્રગતિ માટે.

**૨૫ સપ્ટેમ્બર** : આપણા સહસંપાદકો અને તેમના પરિવારો પરના આશીર્વાદો માટે.

**૨૬ સપ્ટેમ્બર** : આપણા મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચો અને વિશ્વાસીઓ માટે.

**૨૭ સપ્ટેમ્બર** : આપણી સામયિક મિનિસ્ટ્રી માટે નવા સહસંપાદક રેવ. ડો.કે. આર. રાજાસેખરનની સેવા પૂરી પાડવા માટે.

**૨૮ સપ્ટેમ્બર** : અમારી સેન્ટ પોલ મેટ્રીક્યૂલેશન શાળાના આચાર્ય, શિક્ષકો અને અન્ય કાર્યાલય સભ્યો માટે.

**૨૯ સપ્ટેમ્બર** : આપણા ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજના કાર્યકરો અને તેમના પરિવારોની સંભાળ માટે.

**30 સપ્ટેમ્બર** : જુલાઈ મહિનાની અમારી જરૂરીયાતો પૂરી પાડવા માટે.

**૦૧ આક્ટોબર** : અમને ઈશ્વરવિદ્યાના સેમિનારો નિયમિતપણે ભરાવવામાં સક્ષમ કરવા માટે.

**૦૨ આક્ટોબર** : આપણા વડીલ પાળક વિવિધ બહુરૂપી મિનિસ્ટ્રીઓ મારફત સુવાર્તા પ્રચાર માટે સમર્પિત છે તે માટે.

**૦૩ આક્ટોબર** : અમારી મંડળીને નવા વિશ્વાસીઓથી આશીર્વાદિત કરવા માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ ઓક્ટોબર** : ઈશ્વર પ્રત્યે સર્વ દેશોના વિશ્વાસીઓ મધ્યે પ્રામાણિકતા માટે.

**૦૫ ઓક્ટોબર** : આપણી સંસ્થા અને કર્મચારીઓ અને તેમના પરિવારો પર આશીર્વાદો માટે.

**૦૬ ઓક્ટોબર** : આપણા વડીલ પાળકને તેમની આત્મકથા લખવામાં દોરવણી આપવામાં તેમની મહાન સહાયતા માટે.

**૦૭ ઓક્ટોબર** : સર્વ ધર્મો અને સર્વ દેશો વચ્ચે એકતા માટે.

**૦૮ ઓક્ટોબર** : આપણી સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળામાં (ગ્રામ્ય હાઈસ્કૂલ) નવા વિદ્યાર્થીઓ પૂરા પાડવા માટે.

**૦૯ ઓક્ટોબર** : આપણા ભાગીદારો અને રાજ્ય કો-ઓર્ડીનેટરો અને તેમના પરિવારો માટે.

**૧૦ ઓક્ટોબર** : આપણા સુવાર્તા છાપખાના પર તેમના આશીર્વાદ માટે.

**૧૧ ઓક્ટોબર** : દુનિયાભરના લોકોની સલામતી માટે.

**૧૨ ઓક્ટોબર** : આ મહિનાની અમારી સર્વ જરૂરીયાતો પૂરી પાડવા માટે.

**૧૩ ઓક્ટોબર** : દરેક નશા બંધાણીઓ અને દુષ્ટતા કરનારાઓ પસ્તાવામાં દોરાય તે માટે.

**૧૪ ઓક્ટોબર** : દુનિયાભરની સર્વ મહિલાઓ અને બાળકોની સલામતી માટે.

**૧૫ ઓક્ટોબર** : ઈશ્વરના રાજ્યને પૃથ્વી પર બાંધવા માટે આપણને દર્શન આપવા માટે.

**૧૬ ઓક્ટોબર** : ઈકો ઓફ હીજ કોલની જુવાનોની અને બહારી મિનિસ્ટ્રીઓ માટે.

**૧૭ ઓક્ટોબર** : ભારતના વણખેડાયેલા વિસ્તારોમાં અમને પહોંચવામાં સક્ષમ કરવા માટે.

**૧૮ ઓક્ટોબર** : આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ તથા તેમના પરિવારની સારી તંદુરસ્તી માટે.

(પાન ૪ પરથી આગળ...)

પાળક એસ. દેવાદાસન (વેરૂગાઈન થૂથાન) પાસેથી શીખ્યો છું.

**અ) સમયપાલન :**

કોઈપણ કાર્ય નિયત સમયે ''અગ્રતા'' ના સિધ્ધાંત પ્રમાણે કરવું જોઈએ. આપણે આપણા કામો પર જઈ રહ્યા હોઈએ, ત્યારે પણ આપણે હમેશાં મનમાં રાખવું જોઈએ, કુદરતી અવરોધો જેવા કે વરસાદ કે હવા અને ટ્રાફિક અવરોધો અને તેથી આપણે થોડો વધુ સમય બાજુ પર રાખવો જોઈએ અને જલદી શરૂ કરવું જોઈએ. આપણે ક્યારેય કામના સ્થળે કે દેવળમાં મોડા જવું ન જોઈએ. જો આપણે મોડા પડીશું તો ચોક્કસ આપણને નિષ્ફળતાઓનો સામનો કરવા પડશે.

**બ) જવાબદારીઓ :**

દરેક સરળ કામ જવાબદારીની ભાવનાથી કરવું જોઈએ. કોઈપણ બાબત વ્યવસ્થિત રીતે પૂરી કરવી જોઈએ. એક તામિલ કહેવત મુજબ, જે લોકો જવાબદારીના પદ પર છે, તેમણે જેઓ તેમના પર આધાર રાખે છે, તેમની જરૂરીયાતો ચોક્કસ તેમના મનમાં રાખવી જોઈએ. આ એક જાહેર સિધ્ધાંત છે;

૧) આપણે જે પણ કંઈ કરીએ, તે માટે આપણે આપણા જ્ઞાન તથા બુદ્ધિનો વપરાશ ચોક્કસ કરવો જોઈએ.

૨) આપણે ઈશ્વરનું ભય રાખતા આત્મવિશ્વાસ સાથે આપણી કાર્યક્ષમતા અને સમજણનો ઉપયોગ દરેક બાબત કરતી વખતે કરવો જોઈએ.

દાખલા તરીકે, કેટલાકને પોતે જે કામ કર્યુ હોય તે બધુ ફરી તપાસી જવાની આદત હોતી નથી. તો તેમના કામ માટે વધારે ચિંતિત હોતા નથી. આ લોકો વિચારે છે, ''જો મારી ઉપરના લોકો મારી ભૂલો કાઢવા જેટલા કાર્યશીલ છે, તો હું તે પાછળથી સુધારી શકીશ.'' આ એક જોખમી અભીગમ છે. આપણમાં આપણે જે પણ કરીએ છીએ. તે યોગ્ય રીતે કરવા વિવેકબુદ્ધિ હોવી જોઈએ. જો ખરેખર દરેક બાબત ખોટી રીતે થતી હોય, તો આપણે તે માટે શરમિંદા થવું જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે આવી બાબતો ફરીથી નહિ થાય.

**ક) સહભાગ :**

દરેક ફરજ ખાસ વ્યક્તિગત સ્પર્શ સાથે થવી જરૂરી છે. જો તમે વિચારે, ''આ મારું કામ નથી; આ મારી વ્યક્તિગત મિલકત નથી; આ સાહસના નફા કે નુકસાન માટે મારે ચિંતા કરવાની જરૂર નથી.'' તો તમે નક્કી નિષ્ફળ જશો.

તમે કોઈ સંસ્થામાં સૌથી નીચલા પદે કે ઉચ્ચ પદે હોઈ શકો છો. ફક્ત ફરજ પૂરી કરવા ખાતર ફરજ નિભાવવાને બદલે, તમારે ચોક્કસ તમારા કામમાં રસ બતાવવો જોઈએ અને તે તમારા ખરા સહભાગ સાથે, તમારા હૃદય અને આત્મા સાથે તેમાં સહભાગ લઈને તે કરવું જોઈએ. ત્યારે જ તમે તમારા જીવનમાં ઊંચે જશો.

વડીલો પાસેથી શીખવા તૈયાર રહેવું હમેશાં સારું છે.

**૩) યહોશુઆ, અધિકારથી બંધાયેલો :**

અમાલેકે રફીદીમમાં આવીને ઈસ્રાએલની સાથે યુદ્ધ કર્યું. (નિર્ગમન ૧૭:૮). મૂસાએ યહોશુઆને કેટલાક માણસોને લઈને અમાલેક સામે યુદ્ધ કરવા કહ્યુ. યહોશુઆ તરત જ યુદ્ધ મેદાનમાં દાખલ થયો અને મૂસાની આજ્ઞાનું પાલન કર્યું. ત્યાં એવા ઘણા લોકો છે જેઓ તેમના ઉપરીઓની અથવા ઈશ્વરની પોતાની પણ આજ્ઞાનું પાલન કરતા નથી. ફક્ત જે લોકો તેમના ઉપરીઓને કે ઈશ્વરને આજ્ઞાકારી હોય છે, તેઓ જ સારા આગેવાનો બની શકે છે અને અધિકાર વાપરી શકે છે. યહોશુઆએ અધિકારનો આદર કર્યો હતો. જ્યારે મૂસાએ તેને યુદ્ધમાં જવા કહ્યું, ત્યારે તે તરત જ યુદ્ધનાં મેદાનમાં ગયો . તેણે એમ ન કહ્યું કે તેને સૈનિક તરીકેની તાલિમ મળી નથી અને જે કામ તેને સોંપવામાં આવ્યું હતું, તેમાંથી તેણે દૂર ભાગવાની

(...પાન ૯ પર)


## નહેમ્યાહ બાઈબલ સાંધ્ય કોલેજ

**ચેપોક તથા સંથોષપૂરમ, ચેન્નાઈ**

**માધ્યમ : તામિલ**

Regd. Candidate for Membership ATA NEHEMIAH BIBLE COLLEGE CHENNAI ECHO OF HIS CALL ★ Estd.: 1969 ★

**સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર – ATA**
**આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો**
**દ્વારા છેલ્લા ૫૩ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.**

**ઇશ્વર વિદ્યામાં સર્ટીફિકેટ : એક વર્ષ**

**ઇશ્વર વિદ્યામાં ડિપ્લોમા : બે વર્ષ**

**શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ**

**પ્રવેશ લેવા ઝડપ કરો!**

**મહેરબાની કરીને સંપર્ક કરો**

**Contact : The Chairman, Nehemiah Bible College.**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, BELLS ROAD, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ ક્લાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. પાળકોના સલાહ પરામર્શ - રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૧૮. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. મધ્ય-અઠવાડિક બાઈબલ અભ્યાસ - બુધવારે સાંજે ૬.૩૦ વાગે
૨૦. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૨૧. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૨. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૩. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૪. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૫. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૬. રાત્રી પ્રાર્થના - બીજા શુક્વારે રાત્રે ૯.૩૦ વાગે
૨૭. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૮. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૯. સવારની ભક્તિ - દરરોજ સવારે ૫.૦૦ વાગે
૩૦. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૩૧. કાયાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુર્વાતિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ
### માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| **Account Name** | : | **ECHO OF HIS CALL EDUCATIONAL TRUST** |
| **Account Number** | : | **1023 2923 805** |
| **Bank Name** | : | **STATE BANK OF INDIA** |
| **Branch** | : | **TRIPLICANE, CHENNAI - 600 005** |
| **IFSC Code** | : | **SBIN 0000249** |
| **SWIFT Code** | : | **SBI NIN BB 455** |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

## મારી જુવાનીની બીજી બાજુ

## The other side of my youth!

મારી જુવાનીમાં મારું હૃદય ઈશ્વર માટે અને તેમના રાજ્યની બાબતો માટે ઘણું આભિયતા ભરેલુ હતું. ઈશ્વરનું ભય મારા શ્વાસમાં અને ઈશ્વર પ્રભુ પ્રત્યેની પવિત્રતા મારા જીવનના કેન્દ્રમાં હતા. મારા હૃદયમાં તેમના હેતુને ગુમાવ્યા વગર અને મારા માટેની તેમની કાળજીમાં, ઈશ્વરે મને દોરવણી પૂરી પાડી હતી. મારું હૃદય ધાર્મિક બાબતોમાં ઘણું તેજ, જુસ્સાદાર હતું અને દુન્યવી બાબતોમાં લાગણી વિનાનું હતું. મારું પ્રાર્થનામય જીવન ઉત્સાહી હતું. આ સર્વ ઉપરાંત, હું મારા જીવનની દરેક ક્ષણ એક મોટા આશીર્વાદ અને આદર તરીકે માનતો હતો.

હું સ્પષ્ટપણે સમજી શકતો હતો કે ઈશ્વર માટે કંઈક નક્કર સિધ્ધ કરવાની મારી આંતરિક ઉત્કટતા મારી અંદર એક નવા જીવને આકાર આપવાની મારી સ્વ-આકાંક્ષાઓનો નાશ કરી રહી છે.

ખ્રિસ્તની સુવાર્તા જણાવવાની મારી ઈચ્છા મારી અંદર સળગી રહી હતી. તેથી મારા જેવા મિત્રો મારી નેહ્લારાઈકોનામ ગામના સીએસઆઈ મંડળીના ભાઈઓ એસ. અબ્રાહમ, જે. આલ્બર્ટ દેવાદાસ, પી. સામરાજ, વાય. થંગામણી, એસ. પૌલોસ, જે. જ્યોર્જ રોબિનસન, એસ. બેનસન જેસુદાસ, બહેનો ડી. બેબી સૂશીલા, જે. કાનાગામ્માલ મારી સાથે જોડાયા હતા. દસમી ઓગસ્ટ, ૧૯૬૯ના દિવસે ઈશ્વરની કૃપાથી, "**ગુડ ન્યૂઝ પ્રેયર બેન્ડ**"નો જન્મ થયો, અમે મંડળીઓમાં પ્રાર્થના સભાઓ અને સુવાર્તા સભાઓ ભરાવતા હતા. આ પ્રયાસને કારણે, ઘણા લોકો બચાવ પામ્યા હતા, અને ઘણા સેવામાં જોડાયા હતા. આ સમયે, ભાઈઓ જી. જયાનન્દા પૌલમણી, એ. સેલ્વરાજ, વેસ્લી દેવાદાસન, જોન રોશ કમાલામ અને જે. જયાચંદ્રાન આગળ આવ્યા હતા અને મારી સાથે આ સેવામાં જોડાયા હતા. હું હાર્મોનિયમ વગાડતા હતો, વેસ્લી દેવાદાસન ગિટારવાદક હતા, ડેવિડ રેજિનાલ્ડ અને જોન રોશ કમાલામ વાયોલિનવાદકો હતા અને પી. સામરાજ બોંગો વગાડતા હતા. અમારા સુવાર્તા જુથ સંગીત વાજિંત્રો સાથે ઘણા લોકોને અમારી સભાઓમાં ખેંચી લાવ્યા હતા. મધુર સંગીત સાથે અમે લોકોને મફતમાં સુવાર્તાનો ઉપદેશ આપતા હતા.



ભાઈ વેસ્લી દેવાદાસન
(હેરોલ્ડ ઓફ હીજ કમિંગ)



જોન રોશ કમાલામ
(પ્રેસ્બીટીયર, ચર્ચ ઓફ સાઉથ ઈન્ડિયા



ભાઈ જે. જયાચંદ્રાન
(પ્રેસ્બીટીયર, એસેમ્બલી ઓફ ગોડ)



ભાઈ ડેવિડ રેજિનાલ્ડ
(લે ઉપદેશક)

ગ્રામ્ય મંડળી ઉપરાંત, અમે બીજી જગ્યાઓએ, જેવી કે થૂકાલાય, નેય્યોર, ઉદાચારવિલાઈ, કોલાચાલ, કરુંગલ, કુઝીહીથુરાઈ, માર્થાન્દામ, પાલીયાડી, પેચીપારાઈ, કોઢ્યાર, કન્યાકુમારી, મુથ્થુમ વગેરે જેવી ઘણી જગ્યાઓએ સુવાર્તા સભાઓ ભરાવતા હતા.

ઘણા જુવાનો, વડીલો અને બાળકોએ તેમના જીવનો ખ્રિસ્તને સોંપ્યા હતા. ખાસ કરીને જુવાન લોકોએ ઈશ્વર તરફના તેમના પાપભર્યા માર્ગો માટે પસ્તાવો કર્યો હતો અને ધાર્મિક જીવન જીવવા સમર્પિત થયા હતા. ઘણા માંદા લોકો સાજા થયા હતા અને દુષ્ટ આત્માઓથી પીડીતોએ છૂટકારો મેળવ્યો હતો. આને લીધે મને મારામાં નવો ઉત્સાહ વધાર્યો હતો. મેં ખુલ્લા પગે ૧૫ થી ૨૦ માઈલો ચાલીને ટ્રાક્ટો વહેંચવાનું શરૂ કર્યું. બીજાઓને લાગ્યુ કે હું ગાડો થઈ ગયો છું. પરંતુ, મારા માતાપિતા મને ધાર્મિક બાળક તરીકે સમજતા હતા.



જો કે મારી સેવાની શરૂઆતમાં ઈશ્વરના કાર્ય માટે ત્યાં અનુકુલ પરિસ્થિતિ ન હતી તથા બીજાઓ તરફથી પ્રોત્સાહન ન હતા, તેમ છતાં હું સુવાર્તાની સેવામાં સક્રિય રહેવા માટે ખુબ જ ઉત્સાહી હતો. આવી પરિસ્થિતિને પગલે ઈશ્વરે મને મારી સેવામાં મુદ્રિત પૃષ્ઠો દ્વારા આગલા સ્તર સુધી દોરવાણી પૂરી પાડી.

* * *

(પાન ૬ થી આગળ...)

કોશિશ પણ ન કરી. તેણે તરત જ આજ્ઞા પાળી હતી.

## ૪) યહોશુઆએ મુલાકાતમંડપમાં સેવા આપી હતી :

યહોશુઆ એક સારો આગેવાન હતો. એક એવો માણસ જેના પર યહોવા પ્રભુ પ્રસન્ન હતા. યહોશુઆને મુલાકાતમંડપ ગમતો હતો (ઈશ્વરનું મંદિર). તે મુલાકાતમંડપમાં રહેતો હતો. ''...નૂનનો દીકરો યહોશુઆ, જે જુવાન માણસ હતો, તે મંડપમાંથી નીકળતો ન હતો.'' (નિર્ગમન ૩૩:૧૧). ઈશ્વર એવા લોકોને ઊંચે ઉઠાવે છે જેઓ મંડળીને તથા મંડળીની વિવિધ સેવાઓને ચાહે છે. આગેવાનોએ આગ્રહથી લોકોને મંડળીમાં હાજરી આપવા કહેવું જોઈએ. ઈશ્વર મંડળીમાં ભેગા થનારાઓને ચાહે છે. કોઈ મંડળીની પસંદગી કરો અને તેની સર્વ પ્રવૃત્તિઓમાં સહભાગી થાઓ. અને પછી તમે કંઈ પણ માગ્યા વગર ઈશ્વરના આશીર્વાદો પ્રાપ્ત કરશો.

આજની દુનિયામાં, લોકોમાં ભેગા થવાની અને દેવળમાં ભજન કરવાની ઈચ્છા હોતી નથી. કેટલીક વખત ઈશ્વરના જાણીતા સેવકો પણ લોકોને દેવળમાં જવા માટે પ્રોત્સાહન આપતા નથી. આપણે જાણીએ છીએ કે પ્રભુએ આપણને એકઠા થવાનું અને તેમનું ભજન કરવા દેવળમાં જવાની આજ્ઞા આપી છે. પણ ઘણા જાણીતા સુવાર્તિકો રવિવારે ટીવી ચેનલો પર એ ઈરાદાઓ સાથે તેમના ઉપદેશોને પ્રસારિત કરે છે કે જેથી તેમને અને તેમની મિનિસ્ટ્રીને વધુ સમર્થકો મળી રહે. આ સુવાર્તિકો, જેઓ મંડળી તથા લોકોની વચ્ચે સેતુ જેવા હોવા જોઈએ, તેઓ તેમને ગેરમાર્ગે દોરે છે અને લોકોમાં ભાગલા પડાવે છે. અલબત્ત, આવા કાર્યક્રમો વયોવૃદ્ધો અને માંદાઓ માટે સહાયરૂપ હોય છે, જેઓ દેવળમાં જઈ શકતા નથી. પણ સુવાર્તિકોએ દરેક તંદુરસ્ત વ્યક્તિઓને ચૂક્યા વિના દેવળમાં હાજરી આપવા કહેવું જોઈએ.

## ૫. યહોશુઆ - નિર્ણયો લેવામાં મક્કમ

નિર્ણાયક સમયોએ, યહોશુઆએ મક્કમ નિર્ણયો લીધા હતા. જેઓ સારા નિર્ણયો લે છે, તેઓને ઈશ્વર ઊંચે ઊઠાવે છે. યહોશુઆએ ઈસ્રાએલ લોકોની સભાને ફક્ત યહોવા પ્રભુની ભક્તિ કરવા કહ્યું હતું; ''પણ હું ને મારા ઘરનાં તો યહોવાની જ સેવા કરીશું.'' (યહોશુઆ ૨૪:૧૫). ઈશ્વર એવા લોકોને શોધી રહ્યા છે, જેઓ માનસિક રીતે મજબૂત હોય અને નીડરતાથી, મક્કમતાથી નિર્ણયો લે અને તેમને માટે ઊભા રહે.

વધુમાં, જે લોકોને ઈશ્વરનો સાક્ષાત્કાર થયો હોય, તેઓએ શરમિંદા થયા વગર કે પરિણામોની ચિંતા વગર પડકાર આપવો જોઈએ અને લોકોને પ્રભુની સેવા કરવાનો માર્ગ બતાવવો જોઈએ. આ દિવસોમાં મિનિસ્ટ્રી જો કોઈપણ દર્શન વગર, તેડા વગર, વિશ્વાસ વગર અને સારા



શિક્ષણ વગર ભરપૂર આગળ આવવા લાગી છે. તેથી વિશ્વાસીઓ, જેઓ બચાવ પામ્યા નથી, તેઓ પણ વૃદ્ધિ પામે, વધતા જાય.

આપણે ફક્ત ઈશ્વર પર આધાર રાખીને જીવવું જોઈએ. આપણે આપણા વિશ્વાસમાં સ્પષ્ટ અને સત્ય હોવા જોઈએ. જ્યારે ઘણા લોકો આપણી મિનિસ્ટ્રીજમાં ભાગ લેવા આવે છે, ત્યારે આપણે નાણાકિય લાભોનો વિચાર કરવો ન જોઈએ, પણ તેને બદલે આપણે તેમને તેમના પાપો માટે પસ્તાવો કરવા અને ખ્રિસ્તે જેમ શીખવ્યું છે. તેમ પવિત્ર જીવન જીવવા બનાવવા જોઈએ કારણ કે દરરોજ જગત ખરાબથી વધુ ખરાબ સ્થિતિ તરફ જઈ રહ્યું છે. આ જોખમી દુષ્ટતાઓથી લોકોને છૂટકારો આપવા, યહોશુઆની જેમ મક્કમ નિર્ણયો લો. તમારું જીવન પૂર્ણપણે બદલાઈ જશે. ઈશ્વર તમને આશીર્વાદ આપશે.

### ગીતશાસ્ત્ર ૧૦૩ : ૧-૫

૧) હે મારા આત્મા, યહોવાને સ્તુત્ય માન; મારા ખરા અંતઃકરણ, તેના પવિત્ર નામને સ્તુત્ય માન.

૨) રે મારા આત્મા, યહોવાને સ્તુત્ય માન, તેના સર્વ ઉપકારો તું ભૂલી ન જાય.

૩) તે તારા સઘળાં પાપ માફ કરે છે; અને તારા સર્વ રોગો મટાડે છે.

૪) તે તારો જીવ નાશથી બચાવે છે; અને તેને કૃપા તથા રહેમનો મુગટ પહેરાવે છે.

૫) તે ઉત્તમ વસ્તુથી તારા મોઢાને તૃપ્ત કરે છે; જેથી ગરૂડની પેઠે તારી જુવાની તાજી કરાય છે.

### તાકીદના સમાચારો
#### તમારા સેલ ફોન સંદેશાઓ!

અમને દરરોજ અમારા મિત્રો તરફથી અમારા સેલ ફોન પર ઘણી બધી તસવીરો અને બાઈબલની કલમો પ્રાપ્ત થાય છે. હકીકતમાં, તે સર્વને ખોલીને જોઈ શકવું અમારા માટે શક્ય નથી. તેમને અમારા સેલ ફોનમાંથી કાઢી નાખવા સિવાય અમારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી. તેથી અમે પ્રેમથી તથા નમ્રતાથી તમને વિનંતી કરીએ છીએ કે કૃપા કરીને અમારા સેલ ફોન પર બાઈબલની કલમો, સામાન્ય સંદેશાઓ અને તસવીરો મોકલવાનું ટાળશો. પણ તમે ક્યારેય પણ તમારી પ્રાર્થના વિનંતીઓ અને ખાસ સંદેશાઓ મોકલી શકો છો. તે માટે તમારું સ્વાગત છે. તમારી સમજદારી માટે અમે તમારા આભારી છીએ!

**-પાળક એસ. સામ સેલ્વ રાજ**

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

**WANTED**
**OFFICE STAFF**

Echo of His Call requires experienced and dedicated typists and computer operators.

Contact : ECHO OF HIS CALL
Cell : 98412 71858
E.mail : sam@echoofhiscall.org

## OUR BANK DETAILS:

### 1. Bank : State Bank of India

Branch : Triplicane, Chennai-5
Name : S. Sam Selva Raj
A/C No. : 1023 2934 679
IFSC : SBIN 00 00 249
SWIFT CODE : SBI NIN BB 455

### 2. Bank : ICICI Bank

Branch : Anna Salai, Chennai-6
Name : Echo of His Call
A/C No. : 6038 0502 2319
IFSC : ICIC 000 6038

### 3. Bank : State Bank of India

(This Account is for Tax Exemption for Indians only )

Branch : Triplicane, Chennai-5
Name : Echo of His Call Educational Trust
A/C No. : 1023 2923 805
IFSC : SBIN 00 00 249

Google Pay: 98410 71858
PayPal : SAM SELVA RAJ
*****
E.mail : sam@echoofhiscall.org

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીઝ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીઝ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીઝ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીઝ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીઝ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/21-23
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS / 1 Patrika Channel"
on 16th SEPTEMBER 2022

If un-delivered please return to:
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

*JESUS LOVES YOU!*

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by him at **Echo of His Call Printers**, New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**